BRAMPTON Flower City
brampton.ca

Service and Information Update

ફેબ્રુઆરી 4, 2019

# લોફર'સ (Loafer's) લૅક રિક્રિએશન સેન્ટર અપગ્રેડ્સ

બ્રામ્પટન, ઓન્ટેરિયો – લોફર'સ લૅક રિક્રિએશન સેન્ટરનું તારીખ મે 1, 2019 થી આધુનિકીકરણ અને વિસ્તરણ શરૂ કરવામાં આવી રહ્યું છે.

30 લોફર'સ લૅક લૅન (કેનેડી રોડ અને સાન્ડાલવૂડ પાર્કવે) સ્થિત, આ સગવડમાં સુધારાઓમાં સમાવેશ થશે:

- નવા ફિટનેસ ચેન્જ રૂમ્સ
- ફેમિલી ચેન્જ રૂમ્સ
- એક સેન્સરી રૂમ
- લૉબી, પૂલ અને પાર્કિંગ લૉટમાં નવીનીકરણ
- સુધારેલી સુલભતા (પહોંચ)

ઈમારતની ઈલેક્ટ્રિકલ અને HVAC સિસ્ટમ્સનું આધુનિકીકરણ કરવા સંખ્યાબંધ યાંત્રિક આધુનિકીકરણ પણ પૂરું કરવામાં આવશે.

આ સેન્ટર તારીખ મે 1, 2019 થી શરૂ કરીને નવીનીકરણ માટે બંધ રહેશે, અને પાનખર 2020 માં ફરીથી ખુલશે.

સગવડ વપરાશકારો અને કાર્યક્રમ સહભાગીઓને આ સેન્ટર બંધ રહેવાના સમય દરમિયાન અન્ય સીટી ઓફ બ્રામ્પટન રિક્રિએશન સેન્ટર્સમાં સમાવવામાં આવશે.

- લોફર'સ લૅક નેબરહૂડ ફિટનેસના હયાત સભ્યો અન્ય કોઈ સીટી ફિટનેસ ફેસિલિટીનો ઉપયોગ કરી શકે.
- સ્ક્વૉશ સહભાગીઓ, અને સમાવેશ અને એકીકરણ કાર્યક્રમો અહીં સ્થળાંતરિત થશે, જીમ આર્કડેકિન રિક્રિએશન સેન્ટર, 292 કોનેસ્ટોગા ડ્રાઇવ (કેનેડી રોડ એન્ડ બોવેર્ડ ડ્રાઇવ).

લોફર'સ લૅકમાં કાર્યક્રમો માર્ચ 18 અને એપ્રિલ 30 વચ્ચે પાંચ અઠવાડિયાના સુધારેલા સમયપત્રકમાં ચાલશે.

કાર્યક્રમના વિકલ્પો અને વૈકલ્પિક સગવડ સ્થળો પર વધુ માહિતી માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/recreation, અમારા કોઈપણ એક રિક્રિએશન સેન્ટરમાં ગ્રાહક સેવા પ્રતિનિધિ સાથે વાત કરો, અથવા સર્વિસ બ્રામ્પટનને 311 નંબર પર ફોન કરો.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca

-30-